## હરિની દૃષ્ટિ...




જાનુ, ગણેશજીનું પીક નીકાળી... કાગડાનું નાખી દઈશ....!!!

# સે-૨૭ ગાયત્રીનગરમાં મોડી રાત્રે ચોર ઘુસ્યો...!

**મકાનના બીજે માળે ઘુસીને મોબાઈલ અને પાકીટ ઉઠાવ્યું ત્યાં પરિવારજનો ઉઠી ગયા : દોઢ કલાક સુધી વસાહતીઓએ ચોરને શોધ્યો પણ મળ્યો નહી**

ગાંધીનગર, તા.૩

શહેરનાં સેકટર-૨૭ ગાયત્રીનગર વિસ્તારમાં મોડી રાત્રે એક ચોર ઘુસ્યો હતો અને એક મકાનને ટાર્ગેટ બનાવી બીજા માળે દરવાજો ખુલ્લો રાખીને એક પરિવાર સુતું હતું તે રૂમમાં ઘુસી ગયો હતો. રૂમમાંથી એક મોબાઈલ અને પાકીટ ઉઠાવ્યું ત્યાં પરિવાર જાગી ગયો ને ચોર...ચોર... બુમો પાડી ત્યાં હાથમાં જે આવ્યું હતું તે ઉઠાવી ચોર રફફુચક્કર થઈ ગયો હતો. વસાહતીઓએ તેને શોધવા દોઢ કલાક દોડધામ કરી પરંતુ ચોર હાથમાં આવ્યો ન હતો.

સેકટર-૨૭ ગાયત્રીનગરના પ્લોટ નં. ૪૫૫ ખાતે રહેતા રમેશભાઈ પટેલના મકાનના બીજે માળે તેમનો પુત્ર અને પુત્રવધુ રહે છે રાત્રે ઉપરના માળના દરવાજા ખુલ્લા રાખીને તેઓ સુતા હતા ત્યારે મોડી રાત્રે આ મકાનને ટાર્ગેટ બનાવી એક ચોર અંદર ઘુસી ગયો હતો. ચોરે બિલ્લી પગે અંદર પ્રવેશ લઈને રૂ. ૨ હજાર રોકડા ભરેલું એક પાકીટ અને એક મોબાઈલ ઉઠાવી પોતાના ખિસ્સામાં મુકી દીધું અને બીજી કિંમતી ચીજ મળે તે માટે મથી રહ્યો હતો ત્યાં રમેશભાઈના પુત્રવધુની આંખ ખુલી ગઈ અને ચોર...ચોરની બુમો પાડતા ચોર સીડીઓ ઉતરીને ભાગ્યો હતો. પરીવાર આખું ઉઠી ગયું અને આસપાસના રહીશો પણ બહાર દોડી આવ્યા હતા. દોઢ કલાક સુધી ચોરની શોધખોળ કરી પરંતુ તે મળી આવ્યો ન હતો. ઘટનાની જાણ પોલીસને થતા એક ટીમ દોડી ગઈ હતી.

## ફાર્મસી કાઉન્સીલ દ્વારા ફાર્મસી રજીસ્ટ્રેશન કેમ્પ

ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ ફાર્મસી કાઉન્સીલ દ્વારા તાજેતરમાં ભગવાન મહાવીર ફાર્મસી કોલેજ કેમ્પસમાં 'ફાર્મસી રજીસ્ટ્રેશન માહિતી કેમ્પ યોજાયો હતો. ગુજરાત ફાર્મસી કાઉન્સીલના પ્રમુખ મોન્ટુ પટેલે ફાર્મસી રજીસ્ટ્રેશન અંગે માહિતી આપી હતી. ટુંક જ સમયમાં તમામ જિલ્લામાં રજીસ્ટ્રેશન કેમ્પ યોજી વિદ્યાર્થીઓને પોતાના જ જિલ્લામાં રજીસ્ટ્રેશન કરી આપવામાં આવશે. આથી ફાર્મસીસ્ટ થનાર નવા વિદ્યાર્થીઓને અમદાવાદ ખાતે રજીસ્ટ્રેશન માટે આવવુ નહી પડે અને તેમના પ્રશ્નોનું પણ જિલ્લા મથકે જઈ નિરાકરણ લાવવામાં આવશે. કેમ્પમાં કાઉન્સીલના એકઝીક્યુટીવ કમિટિ મેમ્બર ભરતભાઈ પટેલ, મેમ્બર શ્રીકાંત જોષી, રજીસ્ટ્રાર જી.સી. મેકવાન, રામભાઈ ઘોઘારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૧૯માં મદદનીશ ઈજનેરના સરકારી બંગલામાં ઘરફોડ

સેકટર-૧૯ બ્લોક નં. ૨૫૬/૩ ખાતે ગ-૧ ટાઈપમાં રહેતા મદદનીશ ઈજનેર, નિર્માણ ભવન લલીતકુમાર પ્યારેલાલ કનોજીયાના સરકારી બંગલાના દરવાજાનો નકુચો તોડી તસ્કરો અંદરથી રૂ. ૩ હજારની ઘરફોડ કરી ફરાર થઈ ગયા હતા. મદદનીશ ઈજનેરની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. બંગલાની પાછળથી એક બજાજનું બિનવારસી પડેલું બાઈક તે ઘરફોડીયાનું હોવાની શંકાને આધારે પોલીસે બાઈક જપ્ત કરી તેના માલિક સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

## ગાંધી જયંતીએ ખાદીની શોપીંગ કરવા ગયેલી મહિલાનું પાકીટ ચોરાયું

સત્ય અને અહિંસાની રાહ ચિંધનાર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ એક તરફ દેશભરમાં ઉજવાઈ રહી હતી ત્યારે બીજી તરફ ગાંધીજીએ હંમેશા જે વસ્ત્રનો આગ્રહ રાખ્યો હતો તે ખાદીની ખરીદી કરવા ગયેલી મહીલાનું રૂપિયા ભરેલું પકીટ ચોરાઈ ગયું હોવાનો કિસ્સો બહાર આવ્યો છે. સે-૨૦ ખાતેના એક ફલેટમાં રહેતી મહિલા રીટાબેન અનુપચંદ શ્રીવાસ્તવ ગાંધી જયંતિએ સાંજે સાડા પાંચ વાગે સે-૧૬ ખાદી ગ્રામોદ્યોગ ભવનમાં ખાદીના વસ્ત્રો ખરીદવા ગઈ હતી. તેમના ખભે ભરાયેલા થેલાની ચેઈન ખોલીને અંદરથી રૂ. ૧૦ હજાર રોકડા ભરેલું નાનું પાકીટ ચોરી કોઈ શખ્સ ફરાર થઈ ગયું હતું. રૂ. ૧૦,૧૪૦ના મુદ્દામાલની ચોરી અંગે મહિલાની ફરિયાદના આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના જોકરોએ આજે સિવિલ હોસ્પિટલના પિડીયાટ્રીક (બાળકોના) વોર્ડમાં ૪ થી ૬ દરમ્યાન હસી ખુશીનું વાતાવરણ સર્જી બાળકોને ખિલખિલાટ હસાવ્યા હતા.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સે. ૨૨માં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત સૂચનો મેળવવાનો કાર્યક્રમ સાંજે યોજવામાં આવ્યો હતો.

● ગાંધીનગર જિલ્લાના વાતાવરણમાં ભારે પલ્ટો આવતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે. ગરમીનું પ્રમાણ દિવસે વધે છે અને રાત્રીના સમયે ઠંડીનો માહોલ ધીમી ગતિએ પકડાઈ રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા માંડી છે.

● ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકીને લઈ નગરજનોમાં રોગચાળાની દહેશત ઉભી થવા પામી છે.

# સે-૯ વારીગૃહમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

**રૂ. ૮૬,૪૯૦ના મુદ્દામાલ સાથે ત્રણ પાટનગર યોજના ભવનના કર્મચારી અને ત્રણ નિવૃત્ત કર્મચારીઓની ધરપકડ**

ગાંધીનગર, તા.૩

સેકટર-૯માં સ્થિત વારી ગૃહમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી છ શકુનીઓને ઝડપી લીધા હતા. પાટનગર યોજના ભવનના ત્રણ કર્મચારીઓ અને ત્રણ નિવૃત્ત કર્મચારીઓની રોકડ રૂ. ૧૮ હજાર સહિત કુલ રૂ. ૮૬,૪૯૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે દારૂ-જુગારની બદીઓ હટાવવા સતત વોચમાં રહે છે. દરમિયાન એએસઆઈ રામાજી તથા તેમની ટીમને બાતમી મળી હતી કે જ રોડ પર સ્થિત સંસ્કૃતિ કુંજની સામે આવેલી વારી ગૃહમાં જુગાર રમાઈ રહ્યો છે. તેને આધારે દરોડો પાડીને છ શખ્સોને પકડી પાડયા હતા. બળવંત મારૂ ગઢવી, સદાશિવ રામચંદ્ર ગોંકર, બેચર ચતુર ઠાકોર, નરેશ ધુળા પરમાર, શકરા સોમા પ્રજાપતિ અને વિષ્ણુ ગંગારામ પ્રજાપતિ મળી છ આરોપીઓની રોકડ રૂ. ૧૭,૯૯૦, ૬ નંગ મોબાઈલ તથા ત્રણ વાહનો મળી કુલ રૂ. ૮૬,૪૯૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીઓ પૈકી ત્રણ પાટનગર યોજના ભવનના કર્મચારીઓ તો ત્રણ નિવૃત્ત કર્મચારીઓ છે.





## કામધેનુ યુનિવર્સિટી દ્વારા ગાંધી જયંતિએ સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૩

કામધેનુ યુનિવર્સિટી દ્વારા ભારત સરકાર પ્રેરિત સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા. ૨૫ સપ્ટેમ્બર થી ૧૧ ઓકટોબર ૨૦૧૫ દરમિયાન 'રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી. આ અભિયાનના ભાગરૂપે ૨ ઓકટોબર ૨૦૧૫ના રોજ ગાંધી જયંતી તેમજ વિશ્વ અહિંસા દિનના ઉપલક્ષમાં સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કામધેનું યુનિ.ના કુલપતિશ્રી પ્રો. એમ.સી. વાષ્ણેયે પ્રાસંગિક ઉદબોધનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તેમજ પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીના ભારત ઘડતરમાં તેઓના યોગદાનને યાદ કરી ગાંધીજીના સ્વચ્છતા માટેના અભિગમને અપનાવવાથી રાષ્ટ્ર નિર્માણમાં આપણા સૌનું યોગદાન આપી શકાય તેવું જણાવી સ્વચ્છતા કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો અને આજના દિવસ પુરતો સીમિત ન રહે અને આપણા દૈનિક જીવનનો હિસ્સો બનાવવા અનુરોધ કરેલ. કુલસચિવશ્રી વિ. પી. મેકવાને ગાંધીજીને યાદ કરતા જણાવ્યું કે ગાંધીજી કહેતા કે 'સ્વચ્છતા અંગેની મોટી મોટી વાતો કરવા કરતા હું ઝાડુ ઉપાડી સફાઈ કરવાનું વધારે પસંદ કરીશ.' આજે અને હવે પછી ગાંધીજીના આ ઉદગારો ધ્યાને રાખી

● અનુસંધાન પાના ૭ પર

## સ્વ. સુશીલાબેન ત્રિવેદીનું 'દેહ દાન'

સેકટર-૮, પ્લોટ નં. ૬૯૪/૨ ખાતે વસવાટ કરતા સ્વ. સુશીલાબેન રમણિકલાલ ત્રિવેદીનું ૨ ઓકટોબરના રોજ અવસાન થયું હતું. તેઓના કુટુંબીજન દિનેશભાઈ ત્રિવેદીની સંમતિથી સ્વર્ગસ્થના દેહનું દાન કરવામાં આવ્યું હતું. દેહ દાન ગાંધીનગર મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું હતું. મેડીકલ કોલેજના ડૉ. હિરેન ચાવડા તથા સ્ટાફે તબીબી સેવા પુરી પાડી હતી. જેમાં જુનિયર સિટીઝન કાઉન્સીલના કાર્યકર દિનેશભાઈ દવે, હિતેશભાઈ રાવલ, જે.એન. પરીખ અને સન્ની વાઘેલા આ સેવા કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતાં.



**સ્વચ્છતા અભિયાન :** ગાંધીનગરના વાવોલ ખાતે ગાંધી જયંતિ ઉજવણીના ભાગરૂપે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

## માનવ સેવા સમિતિ દ્વારા નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬ ખાતે માનવ સેવા સમિતિ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. નગરમાં ગાંધી જયંતિ નિમિત્તે સેક્ટર-૧૬ રંગમંચ ખાતે શ્રમિક પરિવારોના બાળકો માટે ગાંધીજીના જીવનચરિત્ર પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. બાળકોએ ગાંધીજીના વિવિધ વિષયો પર નિબંધ રજુ કર્યા હતા. નિર્ણાયક તરીકે હાજર રહેલા મહેમાનોએ વિજેતા વિદ્યાર્થીઓના નામ જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે શૈલેષ દંતાણી, દ્વિતિય ક્રમે કોમલ દંતાણી, તૃતિયક્રમે શૈલેષ અશોકભાઈ દંતાણીએ મેળવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રશ્મિ રાજન, નિરંજન પરમાર, મહેન્દ્ર સોનારા, ધર્મેન્દ્ર પરમાર, વિશ્વાસ પરમાર હાજર રહ્યા હતા.

# શહેરના પશુ દવાખાનામાં વાર્ષિક ચારસોથી વધુ પશુઓની સારવાર કરાઈ

ગાંધીનગર, તા. ૩

નગરના સેક્ટર-૩૦ ખાતે આવેલ સરકારી પશુ દવાખાનામાં વિવિધ પશુ-પ્રાણી તેમજ પક્ષીઓની સારવાર કરવામાં આવે છે. આ સરકારી દવાખાના દ્વારા વિવિધ ગામડામાં કેમ્પનું આયોજન કરી પશુધનને સારવાર આપવામાં આવે છે. જેમાં વ્યંધત્વ નિવારણના કેસો મુખ્યત્વ હોય છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત સંચાલીત જિલ્લામાં પાંચ સ્થળે સરકારી પશુ દવાખાના કાર્યરત છે. કોબા, ગાંધીનગર, દહેગામ, ડભોડા, છાલા, રૂપાલનો સમાવેશ થાય છે. સે. ૩૦ સરકારી પશુ જવાખાનામાં બિલાડી, નીલગાય, વાંદરો, કબુતર, પોપટ, ગાય, ભેંસ, બકરી, ઘેટા સહિતના પશુઓની સારવાર તેમજ ઓપરેશન પણ કરવામાં આવે છે. આ દવાખાનામાં વાર્ષિક ચારસો જેટલા ગાય ભેંસ તેમજ ૮૦૦થી વધુ શ્વાન તેમજ બિલાડીની સારવાર કરવામાં આવે છે. જ્યારે પશુઓની સમયસર યોગ્ય ચકાસણી કરવામાં આવે તેવા ઉમદા હેતુથી જિલ્લાભરના ગામડામાં ૭૦ થી વધુ કેમ્પ કરવામાં આવે છે. દરેક કેમ્પમાં બસોથી વધુ પશુઓને સારવાર આપવામાં આવે છે. જેમાં મુખ્યત્વે વ્યંધત્વ તેમજ ખસીકરણના કેસ વધુ હોય છે. જ્યારે શ્વાનમાં પ્રમુખ રોગોમાં ડિસ્ટેમ્પર, પાર્વો, પીપેટાઈટીસ અને હડકવા છે જ્યારે અન્યમાં ગેસ્ટ્રો ચામડીના રોગ, પગના દર્દ, અંધાપો, તાવ પેરાલીસીસ, પથરી, લીવર ફેઈલના કિસ્સા વધુ જોવા મળે છે. સેક્ટર-૩૦ સરકારી પશુ દવાખાનામાં ડૉ. પ્રશાંત દ્વારા પશુઓને યોગ્ય સારવાર કરવામાં આવે છે. માત્ર પશુ દવાખાનામાં જ નોકરી મર્યાદીત રહેતી નથી. ઈમરજન્સીમાં રસ્તા પર કોઈ પશુને ઈજા પહોંચી હોય ત્યાં પણ સ્થળ પર જઈને પશુને લઈ જવાય છે. રસ્તા પરથી સાનુકુળ જગ્યા પર ટાંકા લેવા, બોટલ ચડાવવા સહિત શસ્ત્રક્રિયા પણ કરવામાં આવે છે. નગરમાં અત્યારે હાલના સમયે જલારામ સેવા ટ્રસ્ટ, આશા ફાઉન્ડેશન, તપોધન, પેથાપુરનું પોલી ક્લીનીક દ્વારા પશુઓની સારવારના યજ્ઞમાં તંત્ર સાથે જોડાયેલા છે. શહેરના આસપાસના ગ્રામજનો પણ ઈજાગ્રસ્ત પશુને સારવાર અપાવવાનું ઉત્તમ કાર્ય કરે છે. શહેરના પશુ દવાખાનામાં મહિનાના ૭૦ જેટલા શ્વાન, ગાય, ભેંસ, બકરી, ઘેંટા સહિત વન્ય પ્રાણીઓની સારવાર કરવામાં આવે છે. શહેરના છેવાડાના સેક્ટર-૩૦માં આવેલ દવાખાનામાં શહેરીજનો પોતાના પાલતુ પશુઓને યોગ્ય સારવાર અને નિદાન માટે અવશ્ય મુલાકાત લેતા હોય છે.

## રાજ્યમાં તૈયાર થયેલા ખાદી અને પોલીવસ્ત્રની કિંમતમાં ૧૦ ટકા વળતર

ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકારે ગુજરાત રાજ્યમાં ઉત્પાદિત થયેલા ખાદી અને પોલીવસ્ત્રના વેચાણ ઉપર ૧૦ ટકાનું વળતર આપવાનું નક્કી કર્યું છે.

ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડના સભ્ય સચિવશ્રી ઓ. રવિએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારના પૂર્ણ સહયોગથી બોર્ડ દ્વારા તા. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસથી તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૫ સુધી ૨૪ દિવસ માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, ટીવી ટાવર પાછળ, બોડકદેવ પાસે ખાદીના પ્રદર્શન કમ વેચાણ સેલનું આયોજન કરાયુંછે. જેમાં વિશાળ છ ડોમ્સમાં ૪૦૦ સ્ટોલ્સનું નિર્માણ કરાયુંછે અને પ્રદર્શનમાં ૧૯ રાજ્યોના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.



## ચોરીના ગુનામાં દોઢ વર્ષથી વોન્ટેડ ત્રણ આરોપીઓ પકડાયા

ગાંધીનગર એસઓજી પીઆઈ પી.બી. ચૌહાણની સુચનાથી તેમની ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા દોડતી થઈ છે ત્યારે તેમની ટીમના પીએસઆઈ નટુભા જાડેજા, હે.કો. કનકસિંહ, હિતેન્દ્રસિંહ, ભુપેન્દ્રસિંહ તથા પો.કો. ગજેન્દ્રસિંહ તથા રાજેશકુમાર સહિતના માણસોએ બાતમીને આધારે સે-૭ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં દોઢ વર્ષથી વોન્ટેડ ત્રણ શખ્સોને ઝડપી પાડયા છે. કલોલ ખાતેથી અજય અજીત ચાવડા અને અંકિત ભરત મિસ્ત્રીને તથા માણસાથી લાલસિંહ લાલુસિંહ રાઠોડ મળી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લઈને સે-૭ પોલીસને સોંપી દીધો છે.


